R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા
વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-22 • ISSUE: 31 DATE: 03-08-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## સીરીયામાં શાતિ સ્થપાય માટે પ્રાર્થના અપીલમાં અન્યો પણ જોડાયા

બિશપ ઓફ વેકફિલ્ડે પણ સીરીયમાં શાંતિ સ્થપાય માટે કેથોલીક ચર્ચે બહાર પાડેલ વિનંતીને ટેકો આપ્યો હતો. રાઈટ રેવરન્ડ સ્ટીફન પ્લેટ્ટને કહ્યું તું કે બધા જ ખ્રિસ્તીઓ સીરીયામાં ચાલી રહેલ લડાઈમાં શાંતિ સ્થપાય માટે પ્રાર્થના કરે.

કેથોલીક બિશપ કોન્ફરન્સ ઓફ ઈગ્લેન્ડ અને વેલ્સએ ગત સપ્તાહમાં શાંતિ પ્રાર્થના માટે અપીલ કરી હતી.આ ઉપરાંત બિશપ પ્લેટ્ટને ખ્રિસ્તીઓને લડાઈમાં અસર પામેલાઓને મદદ કરવા અપીલ કરી હતી.આ સીવીલ વોર ઘણા લાંબા સમયથી ચાલી રહી છે.અને તેને



કારણે બહુજ સામાન્ય લોકોને સહન કરવાનો વારો આવ્યો છે.આંતરરાષ્ટ્રીય સમુદાયે તેમની રાજકીય વગ વાપરીને લડાઈનો અંત આવે માટે પ્રયત્નો કરવા જરુરી છે.હવે ખરેખર સાચો સમય છે કે આપણે શાંતિ,સલામતી અને સુચારુ વ્યવસ્થા સીરીયામાં ગોઠવાય તે જોવુ જરુરી છે.સીરીયાના લોકો માટે પ્રાર્થના કરીએ એ જેટલું જરુરી છે તેજ પ્રમાણે શાંતિ આ વિસ્તારમાં ઉભી થાય તેવા પ્રયત્નો પણ કરવા જરુરી છે.હું માનું છું કે ચર્ચ ઓફ ઈગ્લેન્ડ પેરીસીસ જે રાહત કાર્ય ચાલી રહ્યું છે તેને મદદરુપ બનશે તેમજ સીરીયાના લોકોને ખ્રિસ્તીઓ દ્વારા મદદ માટે અપીલ પણ કરશે.

## આર્ચ બિશપ કેન્ટબરીએ ઇજીપ્તમાં એકતા અને શાંતિ માટે પ્રાર્થના કરવા અપીલ કરી



આર્ચબિશપ કેન્ટબરી અને યોર્કે ઈજીપ્શીયન ચર્ચ નેતાઓને લખીને જણાવ્યું હતું કે આ સમયમાં સામાજીક અને રાજકીય મજબુત બનવાની જરુર છે.કારણકે પરિસ્થિતિ અસલામત છે.તેમણે જણાવ્યું હતું કે હાલની પરિસ્થિતિ વૈચારીક રીતે વળાંક લઈ રહી છે.અને આ પરિસ્થિતિ સારુ પરિણામ લાવી શકે.અમે અને પ્રેસિડેન્ટ, જનરલ સિનોડ તરીકે તમને ખાત્રી આપીએ છીએ કે અમો તમારી સાથે છીએ.અમો ઈજીપ્તની એકતા અને શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ.ત્યાં સંપુર્ણપણે શાંતિ સ્થપાય, અને હિંસા બંધ થાય અને તમામ લોકો એકઠા મળીને ઈજીપ્તના સારા ભવિષ્ય માટે કાર્ય કરે.ઈશ્વર તમ સહુને નવી પરિસ્થિતિમાં તેમના આર્શીવાદ આપે,બળ આપે અને પરિસ્થિતિમાં સુધાર લાવવા માટે મદદ કરે.

## ઇજીપ્સીયન મુસ્લીમ અને ખ્રિસ્તીઓએ તહરીર સ્કવેર ખાતે રામાધન પવિત્ર માસના પ્રથમ શુક્રવારે એકઠા મળ્યા

ભુતપુર્વ ઈજિપ્તના પ્રમુખ મોહમંદ મોરસીના વિરુધ્ધમાં તેમના વિરોધીઓ જ્યાં વિરોધ કરવા એકઠા થતા હતા. તેમને ૩ જુલાઈના રોજ આર્મીએ તેમને બરતરફ કરીને તેમની સત્તા છીનવી લીધી.અને પબ્લીકે રાજ્યનો કબજો લીધો.આ ઉપરાંત આ જગ્યા પ્રેસીડેન્ટ હોસની મુબારકને ૨૦૧૧માં સત્તા પરથી દુર કરાયા ત્યારે પણ આ જગ્યાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ આખો વિસ્તાર બેઉ કોમના લોકોથી ઉભરાઈ ગયો હતો.જેમાં મોરસીના સર્પોટર પણ હતા.જેમણે મોટા પ્રમાણમાં શહેરમાં અન્ય જગ્યાઓ પર પણ વિરોધ પ્રદર્શનો કર્યા હતા.અબ્દુલ મસીહ, જેઓ ક્રિશ્ચિયન ફરેગ ગીરગીસના નેતા છે તેમણે જણાવ્યું હતં કે મારા દેશના બાંધવો, તમને હજારો વર્ષ સુધી તંદુરસ્ત સ્વાસ્થ મળે. અને લોકો સંપુર્ણ પણે પ્રત્યેક વર્ષમાં નિરોગી રહે.આપણે સહુ ભાઈઓ છીએ,ઈશ્વર આપણ સહુને શંતિ આપે જેથી આપણો ભાઈચારો કાયમ રહે.મુસ્લીમ બ્રધરહુડની માફક નહી, પણ સાચા મુસ્લીમ ભાઈઓ અને સાચા ખ્રિસ્તીઓ ભેગા મળીને



એકતા કાયમ કરે.

એક ઈમામ જેમણે સ્કવેર ખાતે આ સભામાં પોતાનું ધાર્મિક વ્યકતવ્ય આપ્યુ હતું તેમણે ઈજીપ્તના દરેક નાગરિકમાં ભાઈચારો સ્થપાય,તેમજ એકતા સ્થપાય એ માટે બધાને પ્રોત્સાહન આપ્યું હતુ. તેમના જણાવ્યા પ્રમાણે આ ઈફેતયાર એ દેશની એકતા માટેનું ખાણું છે.જે આપણને જણાવે . કે ઈજીપ્શીયન, મુસ્લીમ અને ખ્રિસ્તી એકતા બનાવશે જેથી તેમનો દેશ એક બનીને ઉભો રહે.આ એક એવો પ્રસંગ છે ઈફતેયાર જે નિર્દોષ લોકોના ના જે લોહી વહ્યા છે તેમના માટે ન્યાયની માંગણી કરે છે. તેવું મોહમંદ અબ્દુલાહ નિશારે જણાવ્યુ હતું. ઈજીપ્તમાં ખ્રિસ્તી અને મુસ્લીમ ભાઈઓમાં એકતા તરફ જનારા પરિબળોને વધુ તાકાત મળી છે અને તેમની તરફેણ હજારો લોકો તહરીર સ્કવેર ખાતે એકઠા મળ્યા હતા.ખ્રિસ્તીઓ વિરુધ્ધ ઉભા કરાયેલ કટ્ટરવાદનો ખાતમો કરવો જરુરી છે.

## મેચ ફિક્સીંગના મામલે ૧૩ વર્ષ બાદ ચાર્જશીટ

દિલ્હી પોલીસે ૧૩ વર્ષ બાદ આખરે ૨૦૦૦ ના વર્ષમાં બહુ ચર્ચિત બનેલ મેચ ફિક્સીંગ કાંડમાં ચાર્જશીટ દાખલ કરી છે.ક્રિકેટની રમતમાં હલચલ મચાવી દેનાર આ કાંડમાં કુલ છ વ્યક્તિઓને આરોપી બનાવાઈ છે.આફ્રિકાના ક્રિકેટ કેપ્ટન હેન્સી ક્રોનીને આરોપી બનાવાયો છે. જો કે આ દક્ષિણ આફ્રિકાની ટીમના કેપ્ટનનું એક વિમાની અકસ્માતમાં મોત નિપજયું હતું.છેલ્લા ૧૩ વર્ષથી આ ફિકસીંગ કૌભાંડમાં પોલીસ પુરાવાઓ શોધી રહી હતી પરંતુ તેને એકઠા કરી શકી નથી.ભારતના એક પણ ક્રિકેટરનું નામ તેમાં સામેલ નથી.જો કે આ કૌભાંડમાં અઝરુદીન,અજય જાડેજા,નિખીલ ચોપરા, હર્ષલ ગીબ્સ, નિકી બોય, અને હેનરી વિલિયમ્સના નામો સામે આવ્યા હતા

## બિહારમાં ભાજપના બળવાને ઠારવા સંઘ મેદાનમાં

બિહારમાં ભાજપના ગઢમાં બળવો ફાટી નીકળ્યો,અને રાજયની નેતાગીરી સામે રોષ ભભુકી ઉઠતા,પરિસ્થિતિ ગંભીર બની,પરિણામે સંઘના વડા મોહન ભાગવત બિહારમાં જઈને બળવાખોર નેતાઓ સાથે બેઠક યોજીને બળવો ઠારવા પ્રયત્ન કર્યો છે.ભાજપના બિહાર ખાતે ના વરિષ્ઠ નેતા સુશીલ મોદી સામે બળવો થયો પરિણામે ધારાસભ્ય અમરનાથ ગામીને બરતરફ કર્યા હતા.તેમનો બળાપો એ હતો કે ભાજપમાં આંતરિક લોકશાહીનો અભાવ છે.ગામીએ જણાવ્યા મુજબ એક ડઝન જેટલા ધારાસભ્યો એવી વિચારસરણી ધરાવે છે.

બિહાર સરકારના પ્રધાન નરેન્દ્રસિંહે દાવો કર્યો હતો કે ભાજપના ૪૨ સભ્યો અને આરજેડીના ૧૭ ધારાસભ્યો જેડીયુના દરવાજે ઉભા છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

## નવ ક્રાંતિ

ગ્રેટ બ્રિટન ખ્રિસ્તી રાજ્યો પૈકીનું એક રાજ્ય છે તેમજ લોકશાહી પરંપરા જાળવતું વિશ્વની મહાસત્તાઓ પૈકીનો એક દેશ છે.ત્યાં ખ્રિસ્તી ધર્મ અને ધાર્મિકતા બાબતે સદીઓથી જે પરંપરા અને સિધ્ધાન્તો છે તેને જાળવવામાં આવતા હતા.પરંતુ આ વખતે બ્રિટન જે ઘટના ઘટી તે આશ્ચર્ય પમાડે તેવી છે.અનેક ચર્ચો અને ધર્મગુરુઓએ જે વાતનો ધાર્મિક સિધ્ધાન્તો બંધબેસતી નથી અને સ્વીકાર્ય નથી એવી બાબત એટલે કે સજાતીય લગ્ન અંગેનો કાયદો ઘડવામાં આવ્યો. ત્યાના મોટાભાગના લોક પ્રતિનિધિઓએ તેની તરફેણમાં મતદાન કરતાં આ ખરડો બહુમતીને કારણે કાયદો બની ગયો.જો કે બ્રિટનમાં આવું બની શકે તેવું કોઇ માનવાને તૈયાર નહોતુ પરંતુ લોકશાહીના નામે આ બન્યું છે તે હકીકત છે.લોકશાહી અને વ્યક્તિ સ્વાતંત્રને કારણે ધર્મના સિધ્ધાન્તોને બાજુ પર મુકી દેવામાં આવ્યા છે.અનેક ઉહાપોહ થયા છતા આખરે બ્રિટનના રાણીએ કાયદા પર શાહી મહોર મારી દીધી હતી.ધાર્મિક પરંપરાને ત્યાગ કરવાને કારણે તેની વિશ્વવ્યાપી અસરો ઉભી થશે તેવું માનવામાં આવે છે.

### મંતવ્ય

### ગૂંગળાતા કિશોરો

કેન્સરથી મરણપથારીએ પડેલા પિતાનો સમૃદ્ધ વારસો સ્વીકારવાની એક જુવાન દીકરાએ ઘસીને ના પાડી દીધી. એણે કહ્યું : ''તમે મને ઘણીબધી વસ્તુઓ આપી છે એ વાત સાચી; પણ મારે ખરેખર જેની જરૂર હતી એ ચીજ તો મને મળી જ નહિ. હું તો હતો કેવળ તમારા પ્રેમનો ભૂખ્યો. પણ તમે પૈસા કમાવા પાછળ એટલા બધા પડેલા હતા કે અમારે જે જોઈતું હતું તે તમે આપી શક્યા નહિ. અમારે જરૂર હતી ખુદ તમારી જ.''

ઓગણીસ વરસની એક મૂંઝાયેલી કન્યા કહે છે : ''જેની સાથે વિશ્વાસથી વાત કરી શકું એવા કોઈ વડીલ મને મળ્યા નથી. મારા તંગ જીવનમાં હું કેવળ ટેલિવિઝન અને સામયિકો દ્વારા સંતોષ મેળવું છું. મારાં કુટુંબીજનો પાસેથી મને પ્રે કે સહાનુભૂતિ સાંપડતાં નથી. સહુ પોતપોતાનાં કામકાજમાં મશગૂલ હોય છે. મારા મનમાં જાતજાતના સવાલો ઊઠે છે. પણ રખેને મારા સવાલના જવાબ આપવા પડે એ બીકે મારી માતા મારી સાથે લાંબો વખત ગાળતી નથી. મને સમજવાનો પ્રયત્ન કરે, મને સાચી સલાહ આપે એવી કોઈક વ્યક્તિની મારે જરૂર છે.''

નશીલા પદાર્થોના સેવન માર્ગે વળી ગયેલો એક કિશોર કહેતો હતો કે, ''નશાની ગોળીઓ લેવા હું લલચાયો તે પહેલાં મારે ખરેખર તો જરૂર હતી એ ગોળીઓમાંથી મળે નહિ એવી, બજારમાંથી ખરીદી શકાય નહિ એવી ચીજની - પ્રેમની.''

એક સ્વકેન્દ્રી અને સ્નેહ વગરની સૃષ્ટિમાં આજે આપણે જીવી રહ્યાં છીએ, તેને પરિણામે આવાં કિશોર-કિશોરીઓ અનેક કુટુંબોમાં ગૂંગળાઈ રહ્યાં છે. તેમનાં પોષણ અને વિકાસ માટે સારા ખોરાક, સુંદર કપડાં, તરેહતરેહની ચીજવસ્તુઓ કે મોંઘાદાટ શિક્ષણના કરતાં પણ અનેક ગણું મહત્ત્વ છે પ્રેમનું - એ તેમનાં માબાપને કોણ સમજાવશે?

ચંદ્રકાન્ત કાજી


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૩૫૩૮૩૩૨૨



**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા. પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫

૨.શ્રી ગીદીયોલ પોલ, મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ ૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬ રિશ્તા, નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩

આપના લવાજમો તેમને આપી આભારી કરશો.


## પત્ર આશાના પરબિડીયામાં હોય, તાર નહી

વર્ષો જુની ટેલીગ્રામ(તાર)સેવા બંધ કરવાનો જુલાઇ ૨૦૧૩માં સરકારે નિર્ણય લીધો તે માટે સરકારના આર્થિક કારણો જવાબદાર હશે, પણ તારને બેતાર કરવાની વાત કોમનમેનની જુની પેઢીના હૃદયના તાર અવશ્ય ઝણઝણાવી મુકશે.એ સમાચાર એમને માટે આનંદના ગણાય કે આઘાતના તે નક્કી કરવાનું કોમનમેન માટે મુશ્કેલ છે. જુના જમાનામાં તાર આવે ત્યારે આનંદ થવાના-લોટરી લાગવાના કે નોકરી મળવાના સમાચારો ઓછા આવતા, મોટેભાગે તો માંદગી કે મૃત્યુના સમાચાર આવતા.ડાકિયા તાર લાયા, સમાચાર જ સામન્ય માણસને ગભરાવી મુકતા. જુના જમાનામાં પરીક્ષાના પરિણામના અભિનંદનના તાર અવશ્ય આવતા.પણ આજે તો મોબાઇલ અને ઇન્ટરનેટ જેવા સાધનોને કારણે સમાચાર જગત એટલું સંકુચિત અને ત્વરીત બન્યું છે કે બધું ફટાફટ. મૃત્યુ હોય કે માંદગી, નોકરી હોય કે છોકરી,પ્રેમ હોય કે શોક સમાચાર મળે ફટાફટ.એમાં પહેલા જેવો જીવંત સ્પર્શ નથી રહ્યો.આનંદિત ચહેરે જોઇ પોસ્ટમેન મોં મીઠુ કર્યા વિના જતો નહી.શોકગ્રસ્ત ચહેરો જોઇ પોસ્ટમેનનું મોં પણ વિલાઇ જતું.

તાર સેવા બંધ થઇ પણ પત્ર સેવા ચાલુ છે.તેથી યાંત્રિક સાધનો વિનાના કોમનમેનને થોડો સધિયારો રહે છે.પ્રેમી-પ્રેમીકાનો પ્રેમપત્ર કે જન્મદિન-લગ્નદિનના અભિનંદનના પત્રોનો રિવાજ હજુ ચાલે છે.એ પત્રો વારંવાર વાંચવાના કે છાતીસરખા ચાંપી આનંદ લેવાના દિવસો પુરા નથી થયા એ વાતનું કોમનમેન આશ્વાસન લઇ શકે.આ પ્રકારના પત્ર સામેની વ્યક્તિ હાજરાહજુર હોય તેવી અનુભુતિ થયા છે.મુખારવિંદ પર લાલી છવાઇ જાય છે. જાતે ન મળી શક્યાનો દુ:ખમિશ્રિત આનંદ સામેની વ્યક્તિને અદેખાઇ થાય એટલી હદે પ્રતિબિંબિત થાય છે.

આમ તો કશું પણ લખવાની કડાકુટમાં પડવાનો શ્રમ લેવાનું નવી પેઢીને માફક આવે તેમ નથી. તેથી મોબાઇલ, ટ્વીટર જેવા સાધનોનો ઉપયોગ કરી શકાતો હોય તેવા લોકો લખવી જંજાળમાંથી મુક્ત રહેવામાં જ સાર સમજે છે.એમાં પણ સાંકેતિક ભાષા વપરાતી થઇ છે.અતિ આધુનિક સંદેશા વ્યવહારમાં મુંબઇ કમાવા ગયેલા દિકરાને પોતાની વ્યથાનું વર્ણન કરતો આંધળી માનો કાગળ નામની હૃદયદાયક કવિતા વિશે નવી પેઢીને ક્યાંથી જાણ હોય?એનો કોમનમેનને અફસોસ કરે તોય શું વળે ?

એ જ વાત આગળ વધારીએ તો મહાત્મા ગાંધી- બાપુ રોજ ૩૦૦-૪૦૦ પત્રો સ્વહસ્તે લખતા એ વાત નવી પેઢીને તો કલ્પનાતીત જ લાગે એની કોમનમેનને ખાતરી છે.નાનકડા ગામમાં બાપુએ પોતાના હસ્તાક્ષરમાં લખેલું પોસ્ટકાર્ડ મળે ત્યારે ગાંડાની જેમ આખા ગામને બતાવતા. ગભરુ ગામડીયાનું કલ્પનાચિત્ર કેટલું રળિયામણું લાગે કોમનમેનને ઓછા શબ્દોમા લખેલી બાપુી વાતના અંતે લી.બાપુના આર્શીવાદ પામી કેટલા કોમનમેનની જીંદગી ધન્ય બની ગઇ હશે એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.તદ્દન અજાણ્યા ગ્રામવાસીને મળતા બાપુના આર્શીવાદની અનુભુતિના એ દિવસો ગયા. હવે તો દાદા-દાદી, બા-બાપુજી,ભાઇ ભાઇ,ભાઇ-બહેન,પતિ-પત્નિ કે પ્રેમી-પ્રેમિકા વચ્ચેના પ્રેમસેતુ ,રામસેતુની જેમ જાહેરમાં વિવાદમાં આવે છે.

પ્રેમપત્રમાં જેમ પ્રેમ વ્યક્ત થાય છે તેવી ફરિયાદ પણ વ્યક્તથાય છે.રિસામણા-મનામણાં પણ હોય છે.એનો એક નમુનો ગગન ગીલની હિન્દી કવિતાના અભિજિત કશ્યપના અનુવાદના કેટલાક અંશમાં અનુભવાય છે.પત્ર ખખડાવે છે બહારથી અને તમારાથી સાંકળ નથી ખુલતી તમારા એકાંતની , તમે એટલા સમયથી બંધ છો ત્યાં કે કાટ ચડી ગયો છે સાંકળને .... તમને એ પણ ખ્યાલ નથી કે તમે અંદરથી બંધ છો કે બહારથી.....તમે અંદરથી એને (પત્ર)કહો છો, બારણુ ખોલી લો બહારથી...પત્ર તમારો અવાજ સાંભળી શકતો નથી..સાંભળીએ લે કદાચ તો એને સુઝતું નથી કે સાંકળ ક્યાં છે.પ્રત્યેક પત્ર તમને ચેતવણી આપે છે, આ પછી નહી આવું.... પ્રત્યેક પત્ર આશાના પરબીડીયામાં બંધ છે.અને પરબીડીયું ફાટેલું છે.

આવી ફરિયાદનો અનુભવ જગતના કોઇ પ્રેમીને ન થાય એવી કોમનમેન પ્રાર્થના કરે છે.

પ્રેમપત્ર લખવાની કળા વિશે પુસ્તકો પણ લખાયા છે. એરિક ફ્રોમના આર્ટ ઓફ લિવિંગની જેમ ઘણા લેખકોએ આર્ટ ઓફ લવીંગ(પ્રેમ કરવાની કળા)કે આર્ટ ઓફ રાઇટીંગ લવલેટર્સ(પ્રેમપત્રો લખવાની કળા)જેવા પુસ્તકો લખ્યા છે.પ્રેમપત્રોના આદાન પ્રદાન પછી હૈયા મળ્યાં ને લગ્ન કર્યા એ પ્રસંગની ઉજવણીના દિવસો વીતતા જાય પછી એ પ્રેમપત્રોની યાદ વસમી હોય છે.લગ્ન કર્યા પછી પતિ-પત્નીને પોતાના પ્રેમ દરમિયાન પરસ્પર માટે કશું પણ કરી છુટવાની -મરી ફીટવાની કે આકાશના તારા તોડી લાવવાની વૃત્તિમાં ક્રમશ ઓટ આવવા માંડે ત્યારે પડ્યું પાનું નિભાવી લેવાની વૃત્તિ પ્રકટ થાય છે.એમાંય જે વધુ પડતું નભાવી લેવાનું આવે તો અંતે કાયદેસરના છુટાછેડાનું હથિયાર હાથવગું હોય છે.પ્રેમ ભુલાઇ જાય છે, પીડા પેદા થાય છે.પ્રેમભંગ કે લગ્નભંગની આ વાત તાજેતરના સમાચારથી કોમનમેનના ધ્યાન પર આવી છે. જાન્યુઆરીથી મે,૨૦૧૩ સુધીમાં ફેમીલી કોર્ટમાં છુટાછેડાની ૧૧૦૦ અરજીઓ આવેલી છે.આમાંથી લગભગ અડધી અરજીઓ મહિલાઓ તરફથી આવી છે.કોમનમેનને આ આંકડા ગભરાવે તેવા છે.મૈને ચાંદ ઔર સિતારોકી તમન્ના કી થી. એ મહંમદ રફીના જીવન કે સફરમે રાહી મિલતે હે બિછડ જાને કો,વાળા ગીતમાં કોમનમેન શોધવાનો પ્રયાસ કરે છે

. લેખક : હસમુખ પટેલ


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |


ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ઇજીપ્તમાં મુસ્લીમ મોલવીને જાહેરમાં બાયબલને બાળવા બદલ ૧૪ વર્ષની સજા ફટકારાઇ



જસ્ટીસ અહેમદ તલાટ, નોર્થ કૈરો કોર્ટ, દ્વારા વિવાદાસ્પદ રહેલા મોલવી અહેમદ મોહમંદ મહેમુદ જે અબુ ઈસલામ ના નામે પણ જાણીતા છે તેમને જાહેર હિત અને શાંતિ જોખમાવવા બદલ ત્રણ વર્ષની સજા અને દંડ અને ધાર્મિક કટ્ટરવાદ ફેલાવવાના દોષ માટે બીજા ત્રણ વર્ષની સજા કરી હતી.ક્રિશ્ચિયનીટી દ્વારા તેમની પર કટ્ટરવાદના આરોપો મુકવામાં આવ્યો હતા અને તેની જાહેરમાં ખુબજ ટીકાઓ પણ થઈ હતી.જજ અસીમ અલ જીબાલી, નાસર સીટીના મીસડેમીયનોર તેમણે આપેલ ચુકાદામાં સલાફી શિક્ષકને સજા કરી હતી.તેઓ એક અલ ઉમ્માહ ટીવી ચેનલના માલિક પણ છે.તેમને પાંચ વર્ષની સજા કરાઈ હતી.જેમાં ખ્રિસ્તીઓ તરફથી એવી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી કે તેમણે જાહેરમાં બાયબલને સળગાવી મુક્યું હતું.બાયબલ સળગાવી દેવાનો પ્રસંગ યુએસ એમ્બેસી સામે દેખાવો કરતાં બન્યો હતો.

આનો મતલબ એ થાય છે કે અબુ ઈસલામને કુલ ૧૪ વર્ષની સજા થઈ છે જે તેમણે એક સાથે ભોગવવાની છે.વકીલ ગીરગીસ બીબાવીના જણાવ્યા પ્રમાણે કેરો કોર્ટે આપેલા ચુકાદાથી ખ્રિસ્તીઓની જીત થઈ છે. તેથી કોપ્ટીક ખ્રિસ્તીઓનેઆનંદ થયો છે.કારણકે અબુ ઈસલામે ખ્રિસ્તીઓનું અપમાન કરેલું છે.તેણે ખ્રિસ્તી સાધ્વીઓને વૈશ્યાઓ કહી હતી.તેમજ ઈસુ ખ્રિસ્તનું જાહેરમાં અપમાન કર્યું હતું.અપીલમાં પણ આજ ચુકાદો માન્ય રહેશે તેવું બીબાવીનું માનવું છે.

# દિકરીઓ તો અમુલ્ય ઘરેણું છે.

દિકરી એ ઘરનું અને ગામનું ઘરેણું છે. ઘરેણાથી સ્ત્રીની સુંદરતા વધે છે.માટે કુટુંબમાં અને સમાજમાં દીકરી હોય તો વધારે જીવંત લાગે છે.તો પછી દિકરી કેમ નહી ?જીવવાનો અધિકારે ફકત ભારતના બંધારણમાં જ નથી પણ ઈશ્વર પાસેથી મળેલો અધિકાર છે.આ અધિકાર દુનિયાના સૌ જીવંત વ્યક્તિ કે વસ્તુઓને મળેલો છે.ઈશ્વર પાસેથી મળેલા અધિકારને આપણે કેવી રીતે છીનવી લઈએ ?જીવન આપવાનો અને લેવાનો અધિકાર પણ ઈશ્વરને છે.જીવન ઈશ્વર પાસેથી મળેલી એક અમુલ્ય ભેટ છે.આ ભેટનું મુલ્ય સમજી આપણે તેની માવજત કરવી એ આપણી ફરજ છે. દરેક બાળક એ ઈશ્વરની ભેટ છે.પછી તે દીકરો હોય કે દીકરી એ ભેટને આપણે કેવી રીતે નકારી શકાય.

પરંતુ ઘણા માં-બાપ દીકરીને ભારરુપ સમજે છે.કેમકે, એમના મનમાં એક મોટો નકારાત્મક પ્રશ્ન રહેલો હોય છે.દીકરી અમારા માટે શું કરશે ? દિકરી તો પારકું ધન છે આ પ્રશ્ન તેમના મનના અને દિલના દરવાજા બંધ કરી દીધા છે.મો તેઓ દિકરીનો સ્વીકાર કરી શકતા નથી.પરંતુ આજની આધુનિક દુનિયામાં દિકરી ધારે તે કરી શકે છે.આવા ઘણા ઉદાહરણો આપણને જોવા અને સાંભળવા મળે છે.આ બાબત હકીકત છે. હા, એવા ઘણા કાર્યો છે જે પુરુષો ના કરી શકે તે સ્ત્રીઓ એ કરી બતાવ્યું છે.માટે આપણે દીકરીની ભ્રુણહત્યા થતી અટકાવવી જોઈએ એ આપણી સૌની ફરજ છે.

બાગુલ મહેશ ડી.મું.ભાયખત,પો.શામગહન. તા. આહવા ડાંગ



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭
E.mail : Shalemmburo@gmail.com



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી.
માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫



## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


# આદિવાસીઓને બલિનો બકરો ના બનાવો

ગુજરાત સરકારે નર્મદા ડેમમાં આદિવાસી, તડવી સમાજના ધાર્મિક સ્થાન, સાધુ ટેકરી પર ૩૯૨ ફીટનું સરદાર પટેલનું તોતિંગ પૂતળુ -'સ્ટેચ્યુ ઓફ યુનિટી' બનાવવાનો મનસ્વી ને તઘલખી નિર્ણય કર્યો છે તે આદિવાસી સંસ્કૃતિ તથા તેમની ધાર્મિક માન્યતા પર હિંસક હુમલો ગણાય. રાજ્યની પ્રજાના વિકાસાર્થે નર્મદા ડેમ બાંધવામાં આવ્યો ત્યારે કેટલાંયે આદિવાસી ગામો ડૂબમાં ગયાં જેને કારણે હજારો આદિવાસીઓને સ્થળાંતર કરવાની ફરજ પડી. આમ પ્રજાના (બહુધા બિનઆદિવાસી) વિકાસ તથા સુખાકારી અર્થે હજારો આદિવાસીઓનો ભોગ લેવાયો. હવે જેને રાજ્યની આદિવાસી કે બિનઆદિવાસી પ્રજાની સુખાકારીમાં કે તેમાં વૃદ્ધિ થાય એની સાથે કશોજ સંબંધ નથી, પરંતુ માત્ર ને માત્ર સ્વ-પ્રતિષ્ઠા અને સ્વ-ગૌરવ વધારવા માટે કરોડોનું ઈંધણ કરી 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' બનાવવાનો સરકારે નિર્ણય કર્યો છે જેને માટે આદિવાસીઓના ધાર્મિક સ્થાન અર્થાત તેમની ધાર્મિક આસ્થાનો પણ ભોગ લેવાશે. હવે પ્રશ્ન એ થાય છે કે શું પ્રજાના વિકાસના નામે અથવા તો કોઈ એક વ્યક્તિની સ્વ-પ્રતિષ્ઠા માટે આદિવાસીઓએ જ પોતાનાં રહેઠાણોનો, પોતાની સંપતિનો, સંસ્કૃતિનો અને ધાર્મિક આસ્થાનો ભોગ આપવાનો ? શું આદિવાસી પ્રજા બિનઆદિવાસી પ્રજાના આર્થિક વિકાસમાં વૃદ્ધિ કરવા અથવા બિનઆદિવાસીની પ્રતિષ્ઠા ઊભી કરવા માટેનું હાથવગું સાધન છે કે જેનો મનસ્વીપણે ઉપયોગ કરી લેવાય?

નર્મદાડેમનું પાણી પૂર્વઆયોજન મુજબ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં અને તેમાંયે ખાસ કરીને તો નપાણીયા વિસ્તારોમાં પહોંચે એ માટે મેઈન કેનાલની શાખા-પ્રશાખાઓનું નેટવર્ક ઊભું કરવાનું હતું જે આજ પર્યંત કરાયું નથી. હકીકતે, રાજ્યોના વિવિધ વિસ્તારોમાં પાણીની તંગીની કટોકટી સર્જાઈ છે અને ફરિયાદો આવે છે ત્યારે એ નેટવર્ક તાકીદે ઊભું કરવાની જરૂર છે ને એને માટે નાણાંની પણ જરૂર છે. રાજ્યની પ્રજાની આવી તાકીદની જરૂરિયાતને બાજુ પર મૂકી દઈ તેને સાવ અવગણીને કેવળ પ્રતિષ્ઠા ખાતર પ્રજાના કલ્યાણ માટેનાં કરોડોનાં નાણાંનું ઈંધણ કરવામાં આવે અને તેમાં આદિવાસી પ્રજાની ધાર્મિક શ્રદ્ધાનો ભોગ લેવાય તે કદાપિ વાજબી લેખી શકાય નહિ. તડવી સમાજના લોકોએ ઉક્ત યોજનાનો વિરોધ કર્યો છે તે બિલકુલ વાજબી છે અને તેને રાજ્યના પોતાને જવાબદાર નાગરિકો માનતા સહુ કોઈ સબળ ટેકો આપે તે બહુ જ જરૂરી અને તાકીદનું ગણાય. ખુદ સરદાર પટેલ પણ પોતાનું આવું તોતિંગ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' મૂકવા ક્યારેય સંમતિ આપે નહિ. રાજ્યના શાસક પક્ષના ધારાસભ્યોનું આ બાબતે મૌન નવાઈ પમાડે તેવું છે, શું તેમને પણ 'મૌનસિંઘો' કહીશું ?

ફાધર વિલિયમ

# ભૂખ્યા જનોનો જઠરાગ્નિ ક્યારે જાગશે ?

દેશમાં આજે કરોડો લોકો ભૂખથી પીડાય છે ને લાખો બાળકો કુપોષણ તથા ભૂખને કારણે રોજ રોજ મૃત્યુને ભેટે છે તેવા સંજોગોમાં સરકારી ગોદામોમાં લાખો ટન અનાજ સડી જાય છે ને તેને ફેંકી દેવું પડે છે તે હકીકત દેશને લાંછનરૂપ અને સૌ કોઈ નાગરિકના હૈયે અરેરાટી પેદા કરે તેવી છે. વળી, એવા સંજોગોમાં રાજકીય પક્ષો અન્ન સુરક્ષાનો કાયદો પસાર કરવો કે નહિ તેની ચર્ચાઓ ને વિવાદમાં આનંદ માણી રહ્યા છે એ તો રાજકારણીઓ પ્રતિ ઘૃણા પેદા કરે તેવી બાબત છે. અન્ન સુરક્ષા ધારો લાવવો કે નહિ એની ચર્ચા-વિચારણાઓ ને દરખાસ્તો તો આગ લાગે ત્યારે કુવો ખોદવા જવા જેવી વાત છે. અત્યારે તાકીદનું કામ તો એ છે કે, સુપ્રિમ કોરટના સૂચનને માન આપીને સરકાર એ અનાજને જરૂરિયાતમંદોને વહેંચી દે.

બુભૂક્ષિતોને બચાવી લેવાના હવે બે જ વિકલ્પો છેઃ (૧) સરકાર જાહેર કરે કે જેને જોઈતું હોય તે સૌ સરકારી ગોદામોમાં પડી રહેલું અનાજ જેટલું જોઈતું હોય તેટલું આવીને લઈ જાય. (૨) અન્નક્ષેત્રો ચલાવતી ધાર્મિક સંસ્થાઓ જેવી કે જલારામ બાપુ મંદિરોને સરકાર એ બધું અનાજ આપી દે (૩) ભૂખ્યા જનો ટોળાબંધ ધસી આવીને સરકારી ગોદામોમાં પડી રહેલા ને સડી જતા અનાજને લૂંટી લઈ જાય અને આ માટે તેમને ક્રિયાશીલો તથા ગરીબહિતેચ્છુ નાગરિકો જરુરી ટેકો કરે.

ઉપરોક્ત ત્રણે કિસ્સામાં સરવાળે તો સરકારી ગોદામોમાં બગડી જતા અનાજનો સદુપયોગ જ થવાનો છે. ભૂખ્યા જનોનો જઠરાગ્નિ ક્યારે જાગશે ? એ નહિ જાગે ત્યાં સુધી એમને ભૂખે મરવું પડશે એ નિર્વિવાદ છે. સરકાર તેમને કાયદો લાવીને અનાજ પૂરું પાડશે એવી આશા કાયમ ઠગારી નીવડી છે ને ભવિષ્યમાં પણ ઠગારી જ નીવડશે.

**ફાધર વિલિયમ**

વિશ્વનું સૌથી મોટું સ્ટેડીયમ એસ્ટ્રાહીવ સ્ટેડીયમ છે. તે પ્રાગમાં આવેલું છે.
તિબેટનુ ઉરુત્સો તળાવ દર બાર વર્ષે મીઠા અને ખારા પાણીમાં ફેરવાય છે.

# જાણવા જેવા સમાચાર

## (યુવાવર્ગ માટે અનુકરણીય અને પડકારરૂપ સાહસ)

પુણે સ્થિત શ્રીમાન પ્રદીપ લોખંડેની પાસે બેસીને એમની વાતો સાંભળવી એ એક મહામૂલો લહાવો છે. એમનામાં ઉદ્યોગ સાહસિક, સામાજિક કાર્યકર અને મેનેજમેન્ટ ટીચર- એવા ત્રિવેણી સંગમનાં દર્શન થાય છે. એમની એક મીઠી ફરિયાદ આ છેઃ મિડીયાનું ધ્યાન કેવળ નગરો તથા વિભૂતિઓ પર કેન્દ્રિત થયેલું છે અને સતત એમના સમાચારો આપ્યા કરે છે. પરિણામે, ‘ બૃહદ ભારત’માં પવનવેગે આવી રહેલ પરિવર્તનની નોંધ લેવાનું તે ચૂકી જાય છે. હા, ગ્રામ્ય વિસ્તારોમાં હવે પરિવર્તનનો પવન એવી રીતે ફૂંકાવા માંડ્યો છે કે તેની સારી યા માઠી અસરોથી કોઈ ગ્રામવાસી મુક્ત રહી શકે તેમ નથી. દર દસ ગ્રામવાસીઓમાંથી સાત ઉપર તેની અસર થાય છે.

આ પરિવર્તનથી જો કોઈ ખાસ જાણકાર બન્યું હોય તો તેઓ છે : રોજબરોજની વપરાશની ચીજ-વસ્તુઓના ઉત્પાદકો, નાગરિકોને વિવિધ પ્રકારની સેવાઓ પૂરી પાડનારાઓ અને જેમની જીવાદોરીનો આધાર ગ્રામ્ય મતદારો છે તે રાજકારણીઓ.

લોખંડેની વાતો વિશ્વાસપાત્ર એટલા માટે છે કે તેમને દેશનાં નવ રાજ્યોનાં ગામડાઓમાં વસતા લોકો સાથે સીધેસીધો સંપર્ક છે. લોખંડેનો જન્મ પુણેને અડકીને આવેલા વાઈ નામે એક નાના શહેરમાં થયો હતો. તેમનો અભ્યાસ : કોમર્સ ગ્રેજ્યુએટ અને મેનેજમેન્ટ સ્ટડી. અભ્યાસ પૂરો કરીને તેમણે ‘જોન્સન એન્ડ જોન્સન કંપની’માં દોઢેક વર્ષ સેલ્સ રીપ્રેસેન્ટેટીવની નોકરી કરી. પછી તેમના જીવને એક નોંધપાત્ર વળાંક લીધો.

એક દિવસ તેઓ ગુરુચરણ દાસનું પ્રવચન સાંભળવા ગયા હતા. પ્રવચનનો વિષય હતો : ગ્રામ્ય બજારોનું વધતું જતું મહત્ત્વ. આ પ્રવચને લોખંડેના જીવનમાં મહાભિનિષ્ક્રમણ સર્જ્યું. તેમણે નોકરી છોડી દઈ ઉદ્યોગ સાહસિકતા (આંત્રપ્રનરશીપ)માં ઝંપલાવવાનો સંકલ્પ કર્યો પરંતુ એ શરતે કે આ નવું ક્ષેત્ર-સાહસ-અભિયાન તેમની સામાજિક નિસબતની જરા પણ આડે આવે નહિ અને તેમાં લગીરે ઉણપ કે ઘટાડો ના કરે.

ઠીક, પછી મહિનાઓ સુધી રાતદિવસ ભારે પરિશ્રમ ઉઠાવીને તેમણે પુણેની ગોખલે ઈન્સ્ટીટ્યુટ ઓફ પોલીટીક્સમાંથી ઉપલબ્ધ મહારાષ્ટ્રનાં ગામડાંઓ વિશેની ઢગલાબંધ માહિતી મેળવી લીધી અને બહુ ઝીણવટથી તેનો અભ્યાસ કર્યો. ગામડાંઓની કુલ સંખ્યા ૪૩,૦૦૦ હતી. લોખાંડેએ એ બધાં નહિ પણ એવાં ગામો પસંદ કર્યાં કે જેમની વસતી ૨૦૦૦થી વધુ પણ ૧૦,૦૦૦થી ઓછી હોય. કારણ શું ? ૨૦૦૦થી ઓછી વસતી ધરાવતાં ગામોમાં ખરીદી-વેચાણની માત્રા બહુ નોંધપાત્ર નથી હોતી જ્યારે ૧૦,૦૦૦થી વધુ વસતી ધરાવતાં ગામોમાં તો ધમધમતું અને બહુ જ વ્યવસ્થિત ગોઠવાયેલું બજાર જોવા મળતું હોય છે. એમણે આવાં ૬,૭૦૦ ગામડાંઓ પસંદ કર્યાં અને તેને ‘ફીડર વીલેજીસ’ નામ આપ્યું. આ ગામોમાં સાપ્તાહિક બજાર ભરાતું હતું જેમાં ચોપાસનાં પરાંઓ અને ખેતરોમાં રહેતા સામાન્ય લોકો ખરીદ-વેચાણ માટે મોટી સંખ્યામાં આવતા હતા. આ સાપ્તાહિક બજારોમાં નાનામોટા વેપારીઓ અને ફેરીયાઓ ધંધો કરવા બેસતા હતા.

હવે બંધુલોખંડેએ પસંદ કરેલાં ગામડાંઓ વિશે વિસ્તૃત માહિતી એકઠી કરવાનું શરૂ કર્યું :ગામનું નામ, તાલુકો, જિલ્લો, કુલ વસતિ, બજારનો દિવસ અને તેમાં જતા લોકોની સંખ્યા, તેમની ખરીદ-વેચાણની ચીજ વસતુઓ વગેરે. આ માહિતી એકઠી કરવા માટે તેમણે પોતાની પત્ની અને પિતાનો સહકાર લઈ પ્રત્યેક ગામના સરપંચ, પોસ્ટમાસ્તર અને શાળાના આચાર્યને પોસ્ટકાર્ડ લખાવ્યા ને તેમને આ માહિતી મોકલી આપવા વિનંતી કરી. કમનસીબે ઘણો મંદ પ્રતિસાદ સાંપડ્યો પરંતુ, હિંમત કે ધીરજ ગુમાવ્યા વિના બીજા બે પોસ્ટકાર્ડ - પ્રયાસો કર્યા જેમાં પણ તેમને સફળતા મળી નહિ. હવે શું કરવું ? એક નવલ પ્રયોગ કર્યો ! ફરીથી એક વાર પોસ્ટકાર્ડ લખ્યા. આ વખતે પ્રસ્તુત માહિતી મોકલવા નહિ, પરંતુ દિપાવલી પર્વની શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવા ! દિપાવલી અભિનંદનોના એ પોસ્ટકાર્ડોએ તો ચમત્કાર સર્જ્યો ! સામેથી પણ સેંકડોની સંખ્યામાં એવા જ અભિનંદન પોસ્ટકાર્ડ અને કાર્ડ આવ્યાં.

લોખંડેએ પો.કાર્ડ લખનાર વ્યક્તિઓની આ શુભ ભાવનાનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો ને તેમની કનેથી પોતાને જે માહિતી જોઈતી હતી તે બધી મેળવી લીધી. એમાં ખાસ કરીને તો ત્રણ વરસના શિશુથી માંડીને ૮૦ વર્ષના પ્રૌઢો જે જે ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે ને દુકાનમાંથી ખરીદી લાવે છે તેની માહિતી પણ હતી. પછી લોખંડેબંધુએ માહિતી મોકલનાર શુભેચ્છકોની મુલાકાત લેવાનું શરૂ કરી દીધું અને આપણે કલ્પી શકીએ કે ભારતીય આતિથ્ય અનુસાર તેમને બધે રહેવા જમવા અને માહિતી મેળવવામાં ગ્રામજનોએ વિપુલ સહયોગ આપ્યો. બસ, શ્રીમાન લોખંડેની કંપની - **‘રૂરલ રીલેસન્સ’**નો જન્મ થઈ ચૂક્યો હતો.

લોખંડેએ પોતે એકત્ર કરેલ માહિતી તથા જે નેટવર્ક ઊભું કર્યું હતું તેનો વેપારધંધા માટે ઉપયોગ કરવાનું શરૂ કર્યું. કેવી રીતે ? પોતે જે ભણેલા તે જ્ઞાનનો કંપ્યુટર દ્વારા ઉપયોગ કરીને ! ‘રૂરલ રીલેસન્સ’ કંપની પાસે કઈ કઈ ચીજ-વસ્તુઓ વેચાણ માટે ઉપલબ્ધ છે તેના તથા હેલ્થ એન્ડ હાઈજીન્સ (સુસ્વાસ્થ્ય માટે ઉપયોગી)ની જાણકારી ને જ્ઞાન આપતા પ્રોફેશનલ માહિતીસભર ગ્રાફ રજુ કરતા આકર્ષક ચાર્ટ અને પોસ્ટર્સ બનાવ્યાં અને પોતાની વેબસાઈટ પર મૂક્યાં એટલું જ નહિ, ગામેગામ પંચાયતો તથા શાળાઓમાં તે મોકલી આપ્યાં. વળી, આ ચાર્ટ અને પોસ્ટર્સ ખાસ કરીને તો સંભવિત ઘરાકોને પહોંચાડવા માટે તેમણે એ ગામોમાંથી જ યુવાન છોકરા છોકરીઓને તાલીમ આપીને તૈયાર કર્યા ને રોક્યાં. લોખંડેને જે સફળતા મળી તે અકલ્પ્ય હતી !

આ સુખદ અનુભવે લોખંડેને પોતાનું નેટવર્ક બીજાં રાજ્યો સુધી પ્રસરાવવા પ્રોત્સાહિત કર્યા અને તેમણે મ.પ્ર., છત્તીસગઢ, ગુજરાત, રાજસ્થાન, ઉ.પ્ર., ઉત્તરાંચલ, આં.પ્ર. અને કર્ણાટક રાજ્યો લગી નેટવર્કને લંબાવી દીધું. આજે એમની પાસે ૪૦,૦૦૦ થી વધુ ‘ફીડર વિલેજસ’ ની માહિતી ઉપલબ્ધ છે. વળી, એમણે ‘વિલેજ ડેવેલોપર્સ’ની એક સેના ઊભી કરી છે જેઓ તેમને સાદા પોસ્ટ કાર્ડ લખી મોકલીને તેમના વિસ્તારનાં ગામોમાં ચીજવસ્તુઓના ખરીદ-વેચાણ સંદર્ભે જે કંઈ નવી પરિસ્થિતિ ઊભી થઈ હોય કે નવા સંજોગોનું નિર્માણ થયું હોય તેની વિગતે જાણકારી પહોંચાડે છે ને એમ તેમને અપડેટ રાખે છે. રોજ રોજ તેમને સરેરાશ સો જેટલા પો.કા.મળતા હોય છે.

તાજેતરમાં લોખંડેએ આ ‘વિલેજ ડેવેલોપર્સ’ને નાના નાના કેમેરા આપ્યા જેનાથી તેઓ ગ્રામજનોની ઈન્ટરવ્યૂ લઈ તેમની સમસ્યાઓ, જરૂરિયાતો અને ચિંતાઓ રેકોર્ડ કરી શકે અને તેમને મોકલી આપે. ‘વિલેજ ડેવેલોપર્સ’ને બીજું એક મહત્ત્વનું કામ સોંપવામાં આવ્યું છે અને તે આ છે : ગામના વિકાસમાં રસ ધરાવતી હોય અને એવી કોઈ ભૂમિકા ભજવતી હોય તેવી ‘રોલ મોડલ્સ’ વ્યક્તિઓને ઓળખી કાઢી એક યાદી બનાવવી. ‘વિલેજ ડેવેલોપર્સ’એ ગામેગામ એવી યાદી બનાવી આપી.

હવે લોખંડેએ બીજું એક અતિ મહત્ત્વનું પગલું ભર્યું અને તે હતું ગામોનાં યુવાજૂથો પર ધ્યાન કેન્દ્રિત કર્યું તે છે. કારણ યુવાવર્ગ રાષ્ટ્રની આવતી કાલની જ નહિ આજની પણ મોટી આશાઓ છે. યુવાનોને કંપ્યુટર લીટ્રસી (કંપ્યુટરનું જ્ઞાન) અને જનરલ નોલેજ પ્રાપ્ત થાય એ માટેની સઘળી સુવિધાઓ તેમણે ઊભી કરી. એ માટે તેમણે કેટલીક સેવાભાવિ તથા સામાજિક નિસબત ધરાવતી વ્યક્તિઓને તથા કંપનીઓને કાં તો નવાં અથવા વપરાયેલાં સેકન્ડ હેન્ડ કંપ્યુટરો દાનમાં આપવા અપીલ કરી જેનો તેમનો વિધેયાત્મક તથા અતિ સંતોષકારક પ્રતિસાદ સાંપડ્યો.આજે એ બધાં ગામોની કુલ મળીને ૭૦,૦૦૦ શાળાઓને કંપ્યુટરોનો લાભ મળ્યો છે જેના કારણે સેંકડોની સંખ્યામાં યુવક-યુવતિઓને પ્રસ્તુત તાલીમ મળે છે અને કંપ્યુટર લીટ્રસી તથા જનરલ નોલેજ પ્રાપ્ત કરી લે છે.

લોખંડેએ શુભ ભાવનાવાળા અને હૈયે સામાજિક નિસબત ધરાવતા લોકો જેમને તે ‘નોન રેસીડેન્ટ વિલેજર્સ’ નામે ઓળખાવે છે તેમના આર્થિક સહયોગ દ્વારા ગામેગામ પુસ્તાકાલયો શરૂ કર્યાં . આ પુસ્કાલયોમાં અનેકવિધ વિષયો તથા આવડતોને આવરી લેતાં પુસ્તકો મૂક્યાં છે જેમાં લોકવાર્તા સંગ્રહો, વિજ્ઞાન, ઈતિહાસ, મહાન વિભૂતીઓની આત્મકથાઓ, જગતની અજાયબીઓ . . .આદિનો સમાવેશ થાય છે.

લોખંડેએ આ સઘળું ગામડાંઓમાં કર્યું છે તેમાં એક ધ્યાનાર્થ બાબત તો આ છેઃ તેમણે ગ્રામ્ય પંચાયતો, વિધાનસભા તથા લોકસભાની ચૂંટણીઓ પૂર્વે કેટલાંક સર્વેક્ષણો કર્યાં અને લાયકાત ધરાવતા ઉમેદવારોને જ મત આપવા માટે મતદારોને માર્દદર્શન પૂરું પાડ્યું અને એમ શંકાસ્પદ સાધનો વડે ચૂંટણી લડતા ને જીતતા ઉમેદવારોને ચેતવણી આપી.

શ્રીમાન લોખંડે આગામી લોકસભાની ચૂંટણીઓ અંગે શું વિચારે છે ? તેમના મંતવ્યે જે ઉમેદવારો ગ્રામોત્થાનમાં રસ લે છે ને ગ્રામજનોની સુખાકારી વધે એ માટે જેઓ પ્રતિબદ્ધતા ધરાવે છે તેમનો તથા ગામડાંઓમાં ગુણવતાયુકત શિક્ષણ માટેની શાળાઓ ઉપલબ્ધ થાય, આરોગ્ય ને સ્વાસ્થ્ય માટેની સુવિધાઓ સસ્તી ને હાથવગી બને, મુસાફરી માટે સારા રોડરસ્તા ને વાહનોની સગવડો સરળતાથી મળી રહે, મળે, પાણીની તંગી વેઠવી ના પડે, મનરેગા, ડાયરેક્ટ કેશ ટ્રાન્સફરની યોજના, અન્ન સુરક્ષા, મહિલા આરક્ષણ તથા રોજીરોટી રળવાની તકો ઊભી થાય એવાં વચનો આપવાવાળા ને તેને અચૂક પાળવાવાળા ઉમેદવારોને હવે લોકો ચૂંટણીઓમાં જીતાડશે; બીજાઓને કદાપિ નહિ.

(મૂળ લેખ ‘‘બીયોન્ડ ધ બ્રેકીન્ગ ન્યૂઝ’’. ‘ટાઈમ્સ ઓફ ઈન્ડીઆ’, ૧૭-૬-૨૦૧૩.)

**લેખક : દિલીપ પડગાંવકર**

**અનુવાદકઃ ફાધર વિલિયમ**


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જ્હોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

| નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. | અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી ભાઈલાલભાઈ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ | શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, **જીવન સાહિત્ય ભંડાર,** શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,** શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ |

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.